# નારણપુરા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

## પ્રેસ નોટ


## અમદાવાદ શહેરના નારણપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોબાઈલ લુંટના આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડતી નારણપુરા પોલીસ

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ સાહેબ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "બી" ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સંબંધી ગુના શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ સુચના આપેલ જે અનુસંધાને નારણપુરા પો.સ્ટે. ના પો.ઈન્સ. શ્રી જે.આર.પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના અ.હે.કો. ક્રિપાલસિંહ સજ્જનસિંહ તથા અ.હે.કો. નરેન્દ્રસિંહ બચુભા તથા પો.કો. સરદારસિંહ ભરતસિંહ તથા પો.કો. ભરતસિંહ હિમ્મતસિંહ તથા પો.કો. વાલસિંહ જીતેન્દ્રસિંહ તથા અ.લોકરક્ષક ગૌતમભાઇ અનકભાઇ તથા અ.લોકરક્ષક કિરણકુમાર નરસિહજી તથા અ.લોકરક્ષક અરજણભાઇ પ્રેમજીભાઇ વિગેરે નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના અ.હે.કો. નરેન્દ્રસિંહ બચુભા તથા અ.લોકરક્ષક કિરણકુમાર નરસિહજી નાઓની ખાનગી બાતમી આધારે આરોપીઓ (૧) મોહસીન રઝાકખાન ફકીર ઉવ.૩૩ ધંધો-મજુરી રહે-સી/૪૭ મક્કાનગર સોનલ પાસે વેજલપુર અમદાવાદ શહેર (૨) અકરમ ઇસ્માઇલભાઇ શેખ ઉવ.૨૩ ધંધો-રીક્ષા ડ્રાઇવીંગ રહે-૧૦૮૨ નહેરૂનગર સોસાયટી સંગમ સીનેમાની પાછળ મકરબા સરખેજ અમદાવાદ શહેર (૩) અબ્દુલ રહેમાન અબ્દુલ કાદર શેખ ઉવ.૩૬ ધંધો-મજુરી રહે-ગરીબ નવાજ મસ્જીદ પાસે શાહઆલમ ચંડોળ તળાવ પાસે ઇસનપુર પો.સ્ટે.ની પાછળ ઇસનપુર અમદાવાદ શહેર નાઓ ભેગા મળી એકાબીજાની મદદથી કાગડાપીઠ પો.સ્ટે. વિસ્તારમા મોબાઇલ ફોનની ચીલઝડપ કરેલાની કબુલાત કરતા હોય જે બાબતે કાગડાપીઠ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૪/૧૯ ઈપીકો કલમ ૩૯૨,૧૧૪ મુજબનો દાખલ થયેલ હોય સદરી આરોપીને સીઆરપીસી કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરી મુદ્દામાલ તથા આરોપી કાગડાપીઠ પો.સ્ટે. સોપેલ છે.

(૧)




(૨)




(૩)

